Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAIN DHARMA PRAKASH.

પુસ્તક ૬. ઠું. ભાદ્રપદ શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક. ૬ ઠો.

मालिनी.

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतरागस्त्वमेव ॥ १ ॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શાકે ૧૮૧૨. સન ૧૮૯૦

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧—૦—૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જુદું
છુટક અંક એકના રૂ ૦—૨—૦

For Private And Personal Use Only

# अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ નીતિ અને સજ્જન દુર્જન પરીક્ષા ( લખનાર મુનિ શાંતિવિજયજી). | ૬૨ |
| ૨ વચનામૃત (લખનાર મુનિ કાંતિવિજયજી) | ૬૫ |
| ૩ અવન્તિ સુકુમાળ. | ૬૯ |
| ૪ મનુષ્ય જન્મની સાર્થકતા શી રીતે થાય? | ૭૩ |
| ૫ શ્રી નેમીનાથ જિનસ્તુતિ (હીંદી) | ૭૬ |


## ખાસ સૂચના

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્તવું.


સર્વે જૈનધર્મી ભાઇઓને અવશ્ય ખરીદ કરવા લાયક

## ચરિતાવળી.

અથવ

## જૈન કથા સંગ્રહ.

સુંદર, રસીક અને બોધદાયક હશથી તે પંદર વાર્તાઓનો સમુહ આ ચોપડીમાં છાપવામાં આવશે. એ સઘળી કથાઓ એવી સારી રીતે લખવામાં આવશે કે તે વાંચી દરેક વાંચનાર આનંદ પામવા સાથે બોધ પ્રાપ્ત કરશે. એ ચોપડી લગભગ ચોપાનીઆ જેવડા કદની આશરે ૩૭૫ પાનાની થશે તે સાથે સુંદર અને મજબુત પાકા પુંઠાથી બંધાવામાં આવશે જૈનોને માટે આવી એક પણ ચોપડી નથી.

અગાઉથી પૈસા મોકલી નામ નોંધાવનારે કિંમતનો રૂ ૧ મોકલવો પાછળથી કિંમત વધારે રાખવામાં આવશે માટે યાદ રાખવું કે, નહી ગ્રાહક થનાર પસ્તાશે.

આ સંબંધી તેમજ બીજા કાર્યો સંબંધી પત્ર વ્યવહાર નીચેને શિરનામે રાખવો.

અમરચંદ ઘેલાભાઈ.
શ્રી જૈનધર્મ પ્રસારક સભાના મંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश

## JAIN DHARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટ્યું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૫ મું. શાક ૧૮૧૨. ભાદરવા શુદિ ૧૫. સંવત ૧૯૪૬. અંક ૬ ઠો.


# नीति अने सज्जन दुर्जन परीक्षा.

## [ मुनिराज श्री शांतिविजयजी तरफथी.]

નીતિથી બોલવું અને નીતિથી ચાલવું જીનેંદ્રોએ ગણધરોને ત્રિપદી દેતાં વખત સર્વથી પહેલાંજ બતાવેલું છે, બાર ગણધરોએ દ્વાદશાંગી ગુમ્ફિત કરી તેમાં પણ વિચારી જુઓ તો નીતિ રૂપી નકુચા પદે પદે સ્થાપન કરેલ છે, નીતિનું બીજું નામ નય છે, જે પુરૂષના અંતઃકરણમાં નીતિની યથાર્થ સ્થિતિ થઈ છે તેનાથી સંદેહ અવિવેક અને વિકૃતિભાવ દૂર દૂરજ રહે છે, ચોકીદારના હાથમાં ચોકીપહોરા વખતજ હથિયાર રહે છે અને નીતિમાનના હાથમાં સદા હથિયાર રહે છે.

જો તમારે નીતિ પેદા કરવી હોય તો બુદ્ધિમાનની, કવીશ્વરની, નિર્ગ્રંથ મુનિજનોની અને ઉત્તમ શ્રાવકોની પાસે જઈ નીરંતર ઉમેદવારી કરો, નાના ગામડાનો વાસ છોડી શેહેરમાં જઈ વસો; નવીન નવીન શાસ્ત્રનું પરાવર્ત્તન અને શ્રવણ કરો, રાજ્ય સભામાં કે ધર્મનું ઉત્તેજન વધારવા મળેલી બુદ્ધિમાનોની સભામાં પુનઃ પુનઃ ગમન કરો અને મદિરાપાન, પરદારસેવન કૃપણતા અને પ્રમાદ આટલી વસ્તુનો ત્યાગ કરો.

જેમ પૂર્ણકળાથી ચંદ્ર, પુષ્પફળથી વૃક્ષ, શ્રૃંગાર યોગથી સ્ત્રી, વીરરસથી સુભટ અને શુશ્રુષાથી વકતા શોભે છે તેમ નીતિવાક્યથી મનુષ્ય શોભે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનવાનનો પક્ષ ન કરવો, નિર્ધનનો નિરાદર ન કરવો અને દુનિયા પ્રત્યે સદ્આગમનો અનુગ્રહ બુદ્ધિથી એક સરખો ઉપદેશ દેવો એ મુનિજનોનો મુખ્ય નીતિ માર્ગ છે.

પૃથ્વીરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થયેલી પ્રજારૂપી દિકરીને રાજાએ યથાર્થ રીતે ઉછેરવી તેનાપર પડતાં વિઘ્નો નિવારવાં સજ્જનોને કષ્ટ દેવા ઉદ્યમવાન્ થયેલાં દુર્જનોનો નિગ્રહ કરવો એ રાજાઓનો નીતિમાર્ગ છે.

નીતિદ્વારા પોતાના માલકનું રાજાનું અને દેશનું સદા હિત વાંછવું. શત્રુ રાજાઓથી રૂશવત ન ખાવી અને કઠિન વચન પણ જો હિતકારી હોય તો તે પણ રાજા પ્રત્યે કહેવા બંધ ન કરવો એ મંત્રિનો નીતિ માર્ગ છે,—રણસંગ્રામમાં વીરરસ કદિપણ ન છાંડવો, અને પોતાના માલકની નોકરી યથાર્થરીતે ખરાદિલથી કરવી એ સુભટોનો નીતિમાર્ગ છે.

રાજાએ બાંધેલા કાયદાનું કદિ ઉલંઘન ન કરવું–સદાચરણથી ચાલવું–અને ભીક્ષુજનો પ્રત્યે યથાશક્તિ દાન દેવું—એ પ્રજાનો નીતિ માર્ગ છે.

આટલો થોડામાં થોડો નીતિ માર્ગ પણ આજકાલનો વખત જોતાં સ્થિત રહેલ નથી. કાલ ઘણોજ બારીક અને મનુષ્યો [illegible] બીરતાથી રહિત. કહો ! આમાં નીતિમાર્ગ કયાં રહે ? સજ્જનતાનો સંકોચ અને દુર્જનતાનો ફેલાવ જ્યહોળો ! આથી નીતિમાર્ગ કઈ રીતે વધે ?

આજકાલ તને અત્યંત પ્રયત્ન લઈ જેનું ભલું કરી આપશો તે ત મારૂં પાછળથી માઠુંજ ચિંતવનાર થશે. ભ્રાતૃજનો ભાગ્યેજ શુભ ચિંતક હશે. જેનાં તમે જામીન થઇ ઉપકાર કરશો પ્રાયે તે તમારો પાછળથી ઉપકાર માનશે નહી, જે મનુષ પોતાના સદ્ગુણોથી દુનિયામાં પ્રખ્યાતીને પામે છે. તેના વૈરી અસંખ્ય થઈ પડે છે, પગલે પગલે તેને મોટી આફતો રહે છે અને દુર્જન મનુષ્યો તેના મિત્ર બની જઈ અંતઃકરણ લઈ પાછળથી દુર્જનતા બતાવવા બાકી રાખતા નથી. સત્ય છે કે સર્પના મુખમાં, વીંછીના આંકડામાં અને દૂર્જનના હૃદયમાં વિષ રહે છે. બહુ મીઠું બોલનાર અને બહુ નમી ભજી ચાલનારના અંતઃકરણનો પાર હોતો નથી. (કહ્યું છે કે)

नमन नमनमें फर्क है, नमे सो चतुरसुजान;
दगाबाज दुणो नमे, चीता चोर कबान. १

---

१ चिना मननदर.  २ धनुष्य.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુળવાનના હાથમાં કમળ ઉગતું નથી અને કુળહીનના મસ્તકમાં સીંગ ઉગતાં નથી, તેઓના આચરણથીજ કુલીનતા અને કુલહીનતા જણાઈ આવે છે.

મનુષ્યોમાં દુઃષમ કાળના પ્રભાવથી ગાંભીર્યતાગુણ ઘણોજ અલ્પ થઈ ગયેલ છે; વક્રની સાથે સરલ રહેવું ગેરફાયદા કારક છે. આજના સમયમાં તમે જેને ગુણ સંપાદન કરાવશો તે તમને પાછળથી અવગુણી કહેશે, જેને વિદ્યા દેશો તે વિદ્યાહીન કહેશે અને જેને સ્થાન આપશો તે તમને સ્થાનભ્રષ્ટ કરવા પ્રયત્ન કરશે સર્પને આભૂષણ પહેરાવવાં અને દુર્જનને શીખામણ આપવી તે એક સરખું છે. જેમ લશણ વનસ્પતિ કપુર અને કસ્તૂરીની ક્યારીમાં વાવી દુધના ઘડાવડે સીંચો તો પણ દુર્ગંધતા છોડતી નથી; તેમ દુર્જન મનુષ્યો અનેક તરેહનો સત્કાર કરો તો પણ દુર્જનતા છોડતા નથી. વ્યાઘ્ર જાનવર કદાચ ઉપવાસ કરે તો પણ તેને પારણામાં પશુઘાત શિવાય અન્ય કૃત્ય સુજતું નથી તેમ દુર્જન મનુષ્ય સંત બની જાય તો પણ તેને ક્રીડા શિવાય અન્ય [illegible] સુઝતું નથી. સર્પના વિષનો મંત્ર છે પણ દુર્જનતા રૂપી ઝેરનો મંત્ર નથી. મળયાચલ પર્વતમાં ઉગેલાં ચંદનના ઝાડોની સાથે એરંડના ઝાડને વાવો તો પણ એરંડને સુગંધતા પ્રાપ્ત થતી નથી તેમ દુર્જનને પણ વિદ્વાનની સંગત થાય નિરંતર રહે પણ વિદ્વત્તા પ્રાપ્ત થતી નથી. લીંબડાને દુધના ઘડામાં ૧૦૦ દિવશ રાખો અને કાગપક્ષીને દુધના કુંડમાં હજાર વાર સ્નાન કરાવો તો પણ તેઓને મીષ્ટતા અને શ્વેતતા પ્રાપ્ત થતી નથી. તેમ દુર્જનના ગુણો શ્રેષ્ટતાને ધારણ કરતા નથી.

હરેક તરેહથી સજ્જનો તો સર્વને સુખના સાધનોજ મેળવી આપે છે. અપ્રિય વચનોથી પણ સજ્જન મનુષ્યો વિપર્યતા ધારણ કરતા નથી. કુહાડાને પણ ચંદનવૃક્ષ સુગંધતા આપે છે. સુવર્ણને તપાવો તો વધારે નિર્મળ થાય છે. ચંદનને જેમ ઘસો તેમ વધારે સુગંધિ આપે છે. ઈક્ષુદંડ પીલાતો થકો પણ માધુર્યતાને છોડતો નથી. તેમ સજ્જનો અપરાધી મનુષ્યપર પણ કરૂણા લાવ્યા વિના રેહેતા નથી. સજ્જનોને તમે સમુદ્રની ઉપમા દેશો તોપણ તે સમુદ્ર સજ્જનોની બરાબરી કરી શકનાર નથી, કેમકે તે ક્ષારો છે; ચંદ્રમા કલંકિત હોવાથી, સૂર્ય સંતાપદાતા હોવાથી, લક્ષ્મી ચંચળ સ્વભાવવાળી હોવાથી, મેરૂ માર્ગ ઘણો છે. પર્વત આપણાથી અ-

For Private And Personal Use Only

દ્રવ્ય હોવાથી, કામધેનું ગૌ પશુ હોવાથી; કલ્પવૃક્ષ પરિણામે કાષ્ટરૂપ હોવાથી, અને ચિંતામણિ જડ પ્રાય હોવાથી, કહો સજ્જનોની બરાબરી તેઓ કેમ કરી શકે? સંગતિ કરવી તો ઉત્તમ અંતઃકરણવાળા સજ્જનોનીજ કરવી.

સુખ દુખ હર્ષ શોક જીવન અને મૃત્યુ પોતાના કર્મને આધીન છે પોતાની ચાલ ચુકવી નહી અને વેરીસામે દીનવચન બોલવું નહીં. આ વિચિક્ષણનો ગુપ્ત ખજાનો છે. કહ્યું છે કે—

( दुहा.)

जीववो मरवो कर्मगत, चूक न चलिये चाल;
अरितें दीन न भाषीये, मरवो अपने काल. १

ગુણહીન મનુષ્યથી ગુણવાનની પરીક્ષા થઈ શકતી નથી. ગુણવાનો ગુણી ઉપર ધ્વેષિત રહે છે. દુષ્કરતો એ છે કે ગુણી થઈ ગુણવાન ઉપર રાગી રહેવું. જે મનુષ્યમાં લજ્યા ગુણ છે તેનામાં સર્વગુણ છે અને જેણે લજ્યા છોડી તે સર્વ ગુણ છોડ્યા જાણો.

સજ્જનોને શાસ્ત્રકારોએ એજ માટે વખાણ્યા છે કે તેઓના નેત્રો શરમથી અને દાક્ષિણ્યતાથી ભરેલાં હોય છે. ઉમરાવતાના સમયમાં ઉત્તમજનો વિસ્મિત થતા નથી અને પરાભવના સમયમાં દુઃખિત થતા નથી. મનુષ્યોના સર્વ દિવસો સરખા જતા નથી; રાજા હિરશ્ચંદ્રને એક દિવસ એવો પણ આવી ગયો હતો કે પોતાની રાણી અને પુત્રને વેચી પોતાને ચંડાળને ઘેર રેહેવું પડ્યું તોપણ સાચ ન છોડ્યું, શિળવતી સતી દમયંતીને પતિના વિરહથી મહા જંગલ અને ઝાડીમાં ફરવું અને રૂદન કરવું પડ્યું હતું તોપણ તે શિયળથી ન ચુકી એ પ્રમાણે બીજા અનેક દાખલાઓ સજ્જનોની પ્રતિજ્ઞા પાળવાની દ્રઢતા ઉપર છે જે લખતાં પાર આવે તેમ નથી. સજ્જનો અને દુર્જનોના કાર્યમાં પારાવાર અંતર છે. ઉત્તમ મનુષ્યોએ સજ્જનતા અંગીકાર કરવી અને ખરી કીર્તિ મેળવવી એજ કર્ત્તવ્ય છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वचनामृत.

## [ मुनिराज महाराज श्री शांतिविजयजी तरफथी, ]

૧—પરનિંદા કરે નહી અને સ્વનિંદા સાંભળી સાભ્યતા લાવે તે મનુષ્યને ધન્યવાદ છે.

૨—પુત્રોએ પ્રાતઃસમય ઉઠી માતાપિતાને પ્રણામ કરવું આ રીતિ હાલ કાળ વિરલા પુત્રોએજ શરૂ રાખી હશે. માતાપિતા તીર્થની પેઠે પૂજનીક કહ્યા છે.

૩—ધર્મ અને શોક જેમ વધારીએ તેમ વધે અને ઘટાડીએ તેમ ઘટે છે.

૪—દેવ નિંદાથી દરિદ્રતા આવે ગુરૂ નિંદાથી કુલ ક્ષય થાય અને શ્રુત (શાસ્ત્રની) નિંદા કરવાથી કુષ્ટરોગ ઉત્પન્ન થાય.

૫—મૈથુન, વારિપાન, નિંદ્રા અને તડકામાં બેસવું આ ચાર વસ્તુ ક્ષુધાતુરને માટે વિષ સમાન છે.

૬—નગ્નપણે સ્નાન શયન અને ભોજન કરવું નહીં. કરવાથી કલેશ ઉત્પત્તિ થાય

૭—ઠંડા પાણીથી સ્નાન કરી તરતજ ઉષ્ણભોજન કરવાથી અને ઉષ્ણપાણીથી સ્નાન કરી તરત શીત ભોજન કરવાથી શરીરની તેજકાંતિ ઘટે અને રોગોત્પત્તિ થાય.

૮—અંધકારમાં, તડકામાં, વૃક્ષનામૂળમાં અને આકાશમાં (અવગાહે) બેસી ભોજન કરવું વિઘ્ન કારક છે.

૯—રજસ્વલા સ્ત્રીએ પીરસેલું અથવા તેણીયે સ્પર્શ કરેલું ભોજન બુદ્ધિમાનોએ ત્યજન કરવું.

૧૦—સ્નિગ્ધ અને મધુર ભોજન પેહેલાં ખાવું, ન સ્નિગ્ધ ન મધુર એવું મધ્યમ ભોજન મધ્યમાં ખાવું અને ખારૂં ખાટું તિખું તમતમું ભોજન અંતમાં ખાવું.

૧૧—કોઈની ભેગા બેસી દ્રવીપદાર્થ અન્ન ન ખાવું. એક બીજાનું ઉચ્છીષ્ટ કરેલું જુઠું અન્ન ખાવાથી બુદ્ધિ મંદ થાય છે.

૧૨—ભોજન [illegible] પેહેલાં વારિપાન વિષ [illegible], મધ્યમાં [illegible] તુલ્ય, અને [illegible] છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩—વ્યંજન (શાક) અતુ ભક્ષણ કરવાથી બુદ્ધિને માલિન્યતા પહોંચે છે.

૧૪—ભોજન કર્યાપછી બેઘડી વામપાર્શ્વે નિદ્રા રહિત શયન કરવાથી વા સો (૧૦૦) કદમ ગમન કરવાથી શરીર તંદુરસ્તીમાં રહે છે.

૧૫—ભોજન કરીને તરત પગ ચંપન વા અંગમર્દન કરાવવું ક્ષતિ કારક છે; સ્નાન, ભારવહન અને નિહાર પણ હાનિ કર્ત્તા જાણો.

૧૬—અજીર્ણ (અણપચ) થયું હોય ત્યારે વારિપાન નિંદ્રા અને પંથ કરવો એ અન્ન પચાવવાના ઉત્તમ ઉપાય છે.

૧૭—રાત્રીએ સ્નાન કરવું શાસ્ત્ર આજ્ઞાથી વિરૂધ છે.

૧૮—રાત્રીએ શયન કરતી વખત જ્યારે નિદ્રાયુક્ત થવું ત્યારે મુખમાંથી તાંબુલ, લલાટથી તિલક, કંઠથી પુષ્પમાળ, અને શય્યાથી સ્ત્રીને દૂર કરી સુવું કારણ કે મુખમાં તાંબુલ રાખવાથી પ્રજ્ઞાક્ષતિ, લલાટે તિલક રાખવાથી અવજ્ઞાદિદોષ, પુષ્પમાળથી જીવોત્પત્તિ અને સ્ત્રીને સાથે લઈ સુવાથી પોતાના બળની હાની થાય છે.

૧૯—દેવાલયમાં, સર્પના બિલપાસે અને સ્મશાનમાં બુદ્ધિમાનોએ શયન કરવું નહીં.

૨૦—સાત્વિકી પ્રકૃતિવાળો મનુષ્ય ધર્મીષ્ટ અને દાની હોય, રાજસી પ્રકૃતિવાન્ વિષયી ભોગી અને વહેમી હોય, તામસી પ્રકૃતિવાળો મનુષ્ય પ્રાયે પાતકી અને લોભી હોય.

૨—સામુદ્રિક શાસ્ત્રનું ઉત્તમ વચન શરીરનાં સર્વ અંગોમાં ગમે તેટલાં શુભ ચિન્હો પડ્યાં હોય પણ જો લલાટમાં કુચિન્હ પડી ગયું હોય તો તે શુભ ચિન્હો વ્યર્થ થઈ જાય જો લલાટમાં શુભ લક્ષણ હોય તો અન્ય અંગના અશુભ પણ શુભ થાય. વસ્તુતઃ લલાટનું ચિન્હ બલવત્તર છે.

૨૨—કાર્ય કરવામાં જે પુરૂષનો દક્ષિણ (જમણો) હાથ અશક્ત હોય અને વામ હાથ વધારે શક્તિમાન્ હોય તે નર પ્રાયે વિજયી હોય નહી. સ્ત્રીનો વામ હાથ બલહીન અને જમણો હાથ બલવત્તર હોય તો તે પણ ઠકુરાઈથી રહિત હોય.

૨૩—ગ્રહીતવ્રત્તા (સાધ્વી), કુમારી, પરિવ્રાજિકા, સરણે આવેલી, બહુ લોભિણી. અતિ ગર્વીષ્ટા, ચપલ પ્રકૃતિવાળી, રજસ્વલા, વિધવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભર્ત્તારે લાગેલી, રાજ્યદ્વારે જનારી, દૂતિ ચિતારી, અને માલણ આ ૧૪ પ્રકારની સ્ત્રીઓ સાથે વિકાર યુક્ત પ્રીતિ સબંધ જોડવો નહીં. જોડશો તો પરિણામે વ્યથા પામશો.

૨૪—જે સ્ત્રી પુરૂષ દિવશે રતિક્રિયા સેવે છે તેઓને પંડિત પુત્ર ઉત્પન્ન થતો નથી. કિંતુ બલહીન નપુસક પ્રાય ઉત્પન્ન થાય છે.

૨૫—શયન કરતી વખતે ઇંદ્રિયો પોત પોતાનાં વિષયોથી નિવર્ત્તન થઇ જાય. અને મન વિષયથી નિવર્ત્તન ન થાય તો નિદ્રામાં સ્વપ્નો આવે; જો ઇંદ્રિયો અને મન બંને નિવર્ત્તન થઇ ગયાં હોય તો સ્વપ્ન આવે નહીં.

૨૬—કવિત્વ શકિતવાંછતા હો તો સાહિત્ય (કાવ્ય ગ્રંથો) ભણો—તિક્ષ્ણબુદ્ધિ કરવી હોય તો તર્ક શાસ્ત્ર જુઓ, બુદ્ધિની વૃદ્ધિ ચાહતા હો તો નીતિ ગ્રંથો વાંચો અને જો પરમાર્થ જાણવા ઇચ્છા હોય તો સર્વજ્ઞપ્રણીત ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરો.

૨૭—જ્યોતિષ, વૈદક, સામુદ્રિક, સ્વપ્નશાસ્ત્ર, શકુનશાસ્ત્ર, મેઘમાલા, અંગસ્ફુરણવિચાર, અને અંગવિદ્યા વિગેરે શાસ્ત્ર ભણવાં બેશક આ લોકમાં આદર, યશઃકીર્તિ અને સન્માન મળવાના હેતુ છે. કિંતુ પરમાર્થ તત્વતો ધર્મ શાસ્ત્રોથીજ સંપ્રાપ્ત થશે.

૨૮—રસ્તે ચાલતાં એક તાંબુલ વર્જી બીજું કાંઇ ન ખાવું એ ઉત્તમતાનું લક્ષણ છે.

૨૯—કાર્યસિદ્ધિને માટે ગમન કરતી વખત પોતાના સ્થાનથી નિકળવું ત્યારે પોતાની નાશિકાનો જો સૂર્ય* સ્વર વહન થતો હોય તો દક્ષિણ પાદ આગળ ધરી ચાલવું. અને ચંદ્ર[1] સ્વર વહન થતો હોય તો વામ પાદ આગળ ધરી ચાલવું, સુષમના[2] સ્વરમાં કાર્ય પ્રસંગે જાતાં અટકવું.

૩૦—તેલમાં, પાણીમાં, હથિયારમાં, પ્રશ્રવણ (પેશાબ)માં, અને રૂધિરમાં મનુષ્યે પોતાનું મુખ અવલોકન કરવું નહીં; કરવાથી વિઘ્ન છે.

૩૧—પરદેશ જવું ત્યારે ઘરથી પ્રયાણ કરતી વખત દુધ વા ક્ષીરનું ભોજન જમીને ન ચાલવું, સ્ત્રી સંભોગ ન કરવો, સ્ત્રીને મારકુટ કરી રૂદન કરાવી ન જવું કિંતુ જે માગે તે યથાશક્તિ આપીને ખુશી કરી

* દક્ષિણનાડી ૧ વામનાડી ૨ બેનાડીનું સાથે વાહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવું ચાલતી વખત વમન થઈ જાય તો અટકવું. સ્નાન કરી તરત ન ચાલવું. [1]ક્ષૌર ન કરાવવું. સારા શકુને, શુભ સમય, દેવ ગુરૂને પૂછી દેશાંતર ગમન કરવું.

૩૨—જે આપણે આપને વિદ્વાન્ સમજે છે તેને વિદ્યાવૃદ્ધિ થતી નથી માટે ઉચિત છે કે માન મુકી જ્યાંથી મળે ત્યાંથી ગુણ સંપાદિત કરવો.

૩૩—ધેનુ (ગાય) ઉપર, મહિષ ઉપર અને ખર ઉપર અણુ ચાલતાં પણ આરૂઢ થવું નહીં અનિષ્ટ સૂચક છે.

૩૪—પોતાનું અંગ ન બજાવવું, ખાલી બેઠાં તરખલાં ન તોડવાં, ફોગટ ભૂમિ વિલેખન ન કરવું અને દાંતોથી નખ ન ઉતારવા આ કુલક્ષણો દરિદ્રતાના ચિન્હ છે.

૩૫—અનલ્પ વિકલ્પોથી અસ્થિર થએલું મન સ્થિર કર્યું નથી ત્યાં સુધી મંત્ર સ્મરણ કરી દેવ વશ કરવા ઈચ્છવું તે વૃથા છે.

૩૬—અંતરંગ વૃત્તિથી વિષય વાંછકને મુનિપણું તાદૃશ ફળ દાયક નથી. ઉલટું વિટંબના રૂપ છે.

૩૭—જે મુનિપણું ગ્રહણ કરી બે ચાર વર્ષે કોઇ કષ્ટ પડે વા સંસારિક સુખથી લોભાઈ ગૃહસ્થી થઈ જાય છે તેણે મુનિ થતાં પેહેલાં બહુ વિચારવું ઉચિત છે. પાંચ મેરૂ પર્વત માથે ઉપાડવા અને મુનિપણું સ્વીકારવું એક સરખું છે.

૩૮—મુનિપણાના સંપૂર્ણ કષ્ટો જણાવ્યા વિના જે મુનિયો કાચી વયના મનુષ્યને દીક્ષા દઈ દયે છે તેઓને શાસ્ત્રકારોએ ફક્ત શિષ્ય સંપ્રદાયના વધારનારાજ કહ્યા છે.

૩૯—મુનિજનોનો કુટુંબ પરિવાર આ છે, ધર્મ પિતા, ક્ષમા માતા, કરૂણા સ્ત્રી, સદ્‌ગુણો પુત્ર પુત્રી અને સંતોષ આદિ ભૃત્ય વર્ગ.

૪૦—સજ્જનો પરની ઉન્મત્તતા, દાંભિકતા અને વ્યભિચારતા જાણ્યા છતાં વચનથી મર્યાદા છોડતા નથી યત્કિંચિત્ બોલતા નથી. આથી અન્ય ઉત્તમ ગુણ તેઓમાં કયો કહીશું?

૪૧—કુલીન વિદ્યાવાન્ અને વિત્તવાન્ મનુષ્યો મળવા દુર્લભ નથી પરંતુ સાત્વિક મનુષ્ય મળવા દુર્લભ છે.

---

૧ કેશનિર્માપન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૨—નિકટ રહેલી પાંચ ઇંદ્રિયોથી પણ જે અગોચર રહી ઇંદ્રિયો દ્વારા સર્વ વસ્તુનો સ્વાદ લઈ રહ્યો છે તેવા અલક્ષ્ય આત્માને જેણે પરમાત્મ સ્મરણમાં જોડયો અને ઉત્તમ ધ્યાન લયમાં જેણે પ્રવેશ કર્યો તેને ! કામ, ક્રોધ, ભય, મોહ, નિંદ્રા, વિકથા અને ક્ષુધા તૃષા આદિ દોષ કેમ વ્યથા દઈ શકે ?

૪૩—ઇંદ્રિયોને વિષયમાં જોડાંતાં પ્રેરવી નહી તેમ નિવારવી પણ નહી [સમીક્ષક—નિવારવી કેમ નહી ? તે પેહેલાં કહો—ઉત્તર—અમારૂં વાક્ય પૂર્ણતો થવા દેતું હતું તે પણ આવી જશે ) કિંતુ સર્વઉપાધિતુમૂળ લુબ્ધ મન ખેંચી સામ્ય કરવું જેથી ઇંદ્રિયો આપણે આપ સામ્ય થાય, સમીક્ષકના પશ્નનો ઊતર એ છે કે મન નિવાર્યા વિના ઇંદ્રિયોને બલાત્કારે નિવારવાથી ફરી પાછી તે તે વિષયોપર સિંહની પેઠે બમણી થશે, માટે ઊચિત છે કે મન પેહેલાં નિવારવું.

૪૪—યદ્યપિ ઇંદ્રિયોનો નિરોધ મનને સામ્ય થવાનું હેતુ છે પણ મન સામ્ય થયા વિના તે હેતુ નિરાધાર હોવાથી ટકી શકશે નહી.

# अवन्ति सुकुमाल.

પૂર્વે એક વખત આર્યસુહસ્તિસૂરિ વિહાર કરતા જીવન્ત સ્વામિની પ્રતિમાને વંદન કરવા ઊજ્જયિની પ્રત્યે ગયા. ત્યાં બાહ્યોદ્યાનને વિષે પોતે સ્થિરતા કરી વસતિની યાચના કરવા બે મુનિને નગરમાં મોકલ્યા. તેઓ ભદ્રા શેઠાણીના ઘર પ્રત્યે ગયા. ભદ્રાએ મુનિના આગમનથી આનંદ પામી ઊભા થઈ નમસ્કાર કરી પુછ્યું 'ભગવન્! શું આજ્ઞા છે?' મુનિ બોલ્યા 'કલ્યાણિ ! અમે આર્યસુહસ્તિસૂરિના શિષ્ય છીએ; તેમના આદેશથી વસતિની યાચના કરવા આવ્યા છીએ.' તેવારે ભદ્રાએ પોતાની વિશાળ વાહનકુટી વસતિને માટે અર્પણ કરી મુનિઓએ સૂરિ મહારાજાની સમીપે જઈ તે વાત નિવેદન કરી એટલે તેઓએ સપરિવાર ત્યાં આવી તે સ્થળને શોભાવ્યુ.

અન્યદા પ્રદોષ સમયે આચાર્યે નલિનીગુલ્મ નામે અધ્યયનનું પરાવર્તન કરવાનો આરંભ કર્યો, તે સમયે અવન્તિસુકુમાલ નામે ભદ્રાનો દે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ સદૃશ રૂપવંત પુત્ર ઘરના સાતમા માળને વિષે પોતાની બત્રીશ સ્ત્રીઓ સાથે વિલાસ કરતો હતો તેણે કર્ણને પ્રિયકારી તે અધ્યયન શ્રવણ કર્યું. સાંભળવાથી પ્રીતિ ઉત્પન્ન થઇ એટલે સમ્યગ્ પ્રકારે શ્રવણ કરવાને પ્રાસાદથી નીચે ઉતરી વસતિદ્વાર પ્રત્યે આવ્યો. ત્યાં ઉભા રહી આ પ્રમાણેનું પૂર્વે મેં કોઈ ઠેકાણે જોયું–અનુભવ્યું–છે એમ વિચાર કરતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જ્ઞાનવડે પોતાનો પૂર્વ ભવ જોઈ આચાર્ય સમીપે ગયો અને નમસ્કાર કરી બોલ્યો 'હે ભગવન્! હું ભદ્રાનો પુત્ર છું. પૂર્વેહું નલિનીગુલ્મ વિમાનને વિષે દેવતા હતો. જાતિસ્મરણ જ્ઞાનવડે હમણા મને તે વિમાનનું સ્મરણ થયું છે માટે પુનઃ ત્યાં જવાને આજે હું પરિવ્રજ્યા અંગીકાર કરીશ.'

એમ બોલી 'મને દિક્ષા આપો' એ પ્રમાણે વારંવાર પ્રાર્થના કરનાર તે કુમાર પ્રત્યે આચાર્યપાદ બોલ્યા 'રે બાળક! તું સુકુમાર છે. અગ્નિથી તપાવેલ લોહ ચણાનો સ્પર્શ કરવો એ સુખદ છે પરંતુ જિનોપજ્ઞ વ્રત અતીચાર રહીત પાળવું એ દુષ્કર છે.

ભદ્રાનંદન બોલ્યો: 'સ્વામિન્! પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને હું અત્યંત ઉત્કંઠિત છું. ચિરકાળ પર્યંત સામાચારી પાળવાને હું સમર્થ નથી પરંતુ દિક્ષા અંગીકાર કરીને સત્વનું અવલંબન ધારણ કરી અનશન ગ્રહણ કરીશ. એમ થોડા સમયનું કષ્ટ હું સહન કરીશ.'

ગુરૂપાદ બોલ્યા: 'મહા ભાગ્ય! જો દિક્ષા અંગીકાર કરવાને ઉત્કંઠિત છો તો તે માટે ઘરમાં જઈ તારા વડિલ જનની અનુજ્ઞા મેળવીને આવ.'

પછી અવન્તિસુકુમાલે ઘરમાં જઈ અંજલીબદ્ધ થઈ પોતાની માતા પાસે દિક્ષા અંગીકાર કરવાની આજ્ઞા માગી પરંતુ સ્નેહે આતુરા આપી નહિ, તેથી નિરાશ નહિ થતા દિક્ષા ગ્રહણ કરવાને દૃઢ થયેલ કુમારે ઘરના એકાંત ભાગમાં જઈ પોતાના કેશનો લોચ કર્યો, અને સ્વયમેવ સાધુલિંગ ગ્રહણ કરી ગૃહસ્થાશ્રમમુક્ત થયો. એમ સાધુ વેષ ધારણ કરી શરીરને વિષે નિર્મમત્વ ધારણ કરતો તે આચાર્ય સમીપે ગયો. ત્યાં આચાર્ય મહારાજે 'આ સ્વયમેવ લિંગ ધારણ કરનાર ન થાઓ' એમ વિચારી વિધિ સહીત તેને પ્રવ્રજ્યા આપી. પછી ચિરકાળ પર્યંત તપ કષ્ટથી નિર્જરા કરવાને અસમર્થતા ધારણ કરનાર તે બાળક ગુરૂ મહારાજને પુછી અન્યસ્થાને અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નશાન કરવા ચાલ્યો. તેના ચરણ અત્યંત સુકુમાલ હોવાથી રસ્તે ચાલતા લોહી-ના ટસીઆ નીકળવા લાગ્યા તેથી તેના સ્પર્શથી પૃથ્વી જાણે ઈંદ્રિગોપામય હોય તેવી જણાવવા લાગી. પછી જ્યાં સ્થાને સ્થાને ચિતાભસ્મથી પૃથ્વી-તળ ઢંકાયેલ છે એવી અને યમરાજને ક્રીડા કરવાના સ્થાનરૂપ સ્મશાન-ભૂમિને વિષે તે ગયો. ત્યાં કંથારિકાના વનમાં કોઈ ખડથી ઢંકાયેલી ભૂમિ-ના મધ્યભાગમાં પંચ પરમેષ્ટીનું ધ્યાન કરતો તે કાયોત્સર્ગ ધ્યાને ઉભો રહ્યો.

એવામાં તેના ચરણતલથી નીકળેલ લોહીને ચાટતી કોઈ જંબુકી પો-તાના બાળક સાથે તેજ રસ્તે આવી. તેના પગમાંથી ઝરતા લોહીની ગં-ધથી તેણીએ બાળક સાથે તે કંથારિકાના વનમાં પ્રવેશ કર્યો. ત્યાં પોતાને પ્રિય લાગતી વસ્તુને શોધ કરનારી તે શિયાલણીએ લોહીથી ખરડાયેલ **અ-વન્તિસુકુમાલ**ના પાદ જોયા—જોઈને જાણે કૃતાંતની સહોદરા હોય તેમ તે પગને ખાવા લાગી. ચામડીઓ ચટચટ ત્રુટવા લાગી--હાડકાઓના કડાકા થ-વા લાગ્યા, અને લોહી તથા મેદનું ભક્ષણ કરવા લાગી. એમ પ્રથમ પ્રહર-માં એક પગનું તેણે અને બીજા પગનું તેના બાળકોએ ભક્ષણ કર્યું પરંતુ સાત્વિક પુરૂષોને વિષે મુખ્યતા ધારણ કરનાર તે કુમાર જરા પણ કંપા-યમાન થયો નહિ. એટલુંજ નહિ પણ પોતાના પાદને ભક્ષણ કરનારી તે શિયાલણીને જાણે પગ ચાંપનારી હોય તેમ ગણવા લાગ્યો. એમ બીજે પ્રહરે તેના બે ઉરૂનું ભક્ષણ કર્યું. પરંતુ 'આ જીવો ભલે તૃપ્તિ પામો' એમ કરૂણાને ધારણ કરતો કુમાર લેશમાત્ર ધ્યાનથી ડગ્યો નહિ. ત્રીજા પ્રહરમાં તેના ઉદરનું ભક્ષણ કર્યું. તેટલો સમય તે બાળકે એમજ વિચાર્યા કર્યું કે 'આ મારા ઉદરનું મંથન કરતી નથી પણ મારા કર્મનું મંથન કરે છે.' ચોથા પ્રહરને વિષે મહાસત્ત્વવંત તે કુમાર શુભધ્યાને મૃત્યુ પામી નલિની-ગુલ્મ વિમાનને વિષે મહર્દ્ધિક દેવ થયો. તે સમયે 'આ મહાનુભાવ વંદ્ય છે, આ પુરૂષ મહાસાત્વિક છે' એમ જાણી દેવોએ તેના શરીરનો મ-હિમા કર્યો.

પછી પોતાના ભર્ત્તાને ગ્રહને વિષે નહિ જોનારી **અવન્તિસુકુમાલ**ની સ્ત્રીઓ **સુહસ્તિસૂરિ** સમીપે આવી 'સ્વામિન્! અમારો ભર્ત્તા ક્યાં છે' એમ પુછવા લાગી. તે વારે ગુરૂએ ઉપયોગવડે સર્વ વૃત્તાંત **જાણી** મધુર વાણી-વડે તેમને જણાવ્યો. તેઓએ ઘરમાં જઈ સર્વ વૃત્તાંત **ભદ્રા** સમીપે નિ-વેદન કર્યો. પછી રાત્રી સંપૂર્ણ થઈ એટલે પ્રાતઃકાળે **ભદ્રા** પોતાના પુત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીઓ સહિત કંથારિકાના વનવાળી તે સ્મશાનભૂમિને વિષે ગઇ. ત્યાં નૈઋત્ય દિશાને વિષે પોતાના પુત્રનું કલેવર જોઇને તે અશ્રુનો વર્ષાદ વરસાવવા લાગી. પછી તે કુળવધુઓ સાથે અત્યંત વિલાપ કરતી **ભદ્રા** બોલી 'હે વત્સ ! પ્રવ્રજ્યા લઇને વિહારવડે એક દિવસ પણ તેં અમારૂ ગૃહાંગણ કેમ ન શોભાવ્યું? હે વત્સ! એવી કઇ રાત્રી કલ્યાણી થશે કે જે રાત્રીને વિષે તું સ્વપ્નમાં અમને દર્શન આપી સજીવન કરીશ? તેં નિર્મોહી થઇ વ્રતની ઇચ્છાવડે અમારો ત્યાગ કર્યો પરંતુ તે ગુરૂને વિષે પણ નિર્મોહી થઇ તેનો ત્યાગ શા માટે કર્યો? એમ બહુ પ્રકારે વિલાપ કરી સમયોચિત રૂદન કરતી **ભદ્રાએ શિપ્રા**નદિના તટ ઉપર તેની મરણાંત ક્રિયા કરી. પુત્રવધુઓએ પણ અત્યંત રૂદન અને વિલાપ કરવા સાથે **શિપ્રા**ને વિષે શંખોદ્ધરણ[૧] ક્રિયા કરી.

પુત્ર મૃત્યુથી ઉત્પન્ન થયેલ શોકાગ્નિથી પ્રજ્વલિત થયેલ -હૃદય વાળી ભદ્રા પછી શમતા અમૃતની તરંગિણી રૂપ પ્રવ્રજ્યા લેવાને ઉત્કંઠિત થઇ, તે સાથે સર્વ પુત્ર વધુઓ પણ સાસુનો મત અંગીકાર કરવા તૈયાર થઇ. છેવટે એક ગુર્વિણી વધૂને ઘરે રાખી બીજી સર્વે પુત્ર વધૂ સાથે **ભદ્રાએ** પ્રવ્રજ્યા અંગીકાર કરી.

તે ગર્ભવંતી સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો તેણે પોતાના પિતા **અવન્તિસુકુમાલ**ના મરણ સ્થાને એક દેવમંદિર બનાવ્યું તે દેવકુલ અદ્યાપિ સુધી મહાકાળ નામથી પ્રસિદ્ધ છે.

વાંચનાર! ઘણા મનુષ્યો અનેક પ્રકારના સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવે છે, દેવતા, ચક્રવર્તી અને વાસુદેવ સદૃશ સર્વ પ્રકારનાં ભોગની વાંછા કરે છે. પરંતું એવી રીતે ફક્ત ઇચ્છા કરવાથી તેવા સુખભોગની પ્રાપ્તિ થતી નથી, એટલુંજ નહિં પણ કેટલાએક લેશ માત્ર વ્રત નિયમ અથવા તપ જપ કરવાથી જાણ્યા શિવાય પોતાને સર્વ પ્રકારની સિદ્ધિ થયેલ માને છે, પરંતુ એવી રીતે પોતાની વાંછા પૂર્ણ થતી નથી પણ યથાશક્તિ વીર્ય ફોરવીને ઉપર અવન્તિસુકુમાલે કષ્ટ સહન કર્યા તેમ સર્વ વસ્તું ઉપર નિર્મોહિ થઇ વસ્તુગાત્રનું સત્ય સ્વરૂપ જાણી યથાશક્તિ વ્રત,

---

૧ ભર્તારના મૃત્યુ પછી સ્ત્રીએ કરવાની ક્રિયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમ, તપ જપ કરી શરિરથી કષ્ટ સહન કરે તેનેજ વાંચ્છિત પદાર્થની પ્રાપ્તિ થાય છે, માટે સર્વે મનુષ્યોએ સુખને અર્થે યથાશક્તિ ધર્મ ક્રિયા કરવી.

---

# મનુષ્યભવની સાર્થકતા શી રીતે થાય ?

પૂર્ણિમાની શિતળ અને આનંદકારી રાત્રીના પ્રથમ પ્રહરમાં એક શાંત અને રમ્ય સ્થલમાં બેસીને તણ યુવાન મિત્રો કોઈ ગંભીર અને તાત્વિક વિષય ઉપર ચરચા ચલાવતા હતા.

મોહનભાઈ—ત્યારે મનુષ્ય ભવની સાર્થકતા શીરીતે થાય? શુ ભભકાદાર લુગડાં પહેરી ફરવાથી સાર્થકતા થાય? શું જીંદગી પર્યંત કમાઈને ધનનો મોટો સમૂહ એકઠો કરવાથી સાર્થકતા થાય? શું દુનિયાની અંદર મ્હોટાઈ મેળવવાથી સાર્થકતા થાય? શું ગરીબજનો ઉપર રોફ ચલાવ્યાથી સાર્થકતા થાય? શું મ્હોટી સભાઓ ભરી તેમાં ભાષણો કરવાથી સાર્થકતા થાય? શું સભાઓમાં પ્રમુખ અને મંત્રીઓની પદવી પામ્યાથી સાર્થકતા થાય? શું રાજ્યાધિકાર મેળવ્યાથી સાર્થકતા થાય? શું જગતમાં કીર્તિ મેળવ્યાથી સાર્થકતા થાય? શું સારા સારા શ્લોકો બોલી વકતા કહેવાયાથી સાર્થકતા થાય? શું ઈંગ્રેજી ભાષાનોઅભ્યાસ કરી સારી સારી ડીગ્રી મેળવવાથી સાર્થકતા થાય? શું વિદ્વાનપણાની છાપ મેળવ્યાથી સાર્થકતા થાય? શું ગ્નાતિ અને મહાજનમાં મ્હોટા કહેવાવાથી સાર્થકતા થાય? એમાં કઈ ક્રિયા કરવાથી મનુષ્યભવની સાર્થકતા થાય એ સમજાતું નથી.

મણીભાઈ—પ્રિયબંધુ એ પ્રશ્ન તો પછી વિચારવાનું છે પરંતુ પ્રથમ મનેતો આ સંસારમાં કાંઈ સુખજ જણાતું નથી. જન્મપામી પ્રથમ વયમાં વિદ્યાભ્યાસની ચિંતા, યોગ્યવય થયે પૈસો ઉપાર્જન કરવાની ચિંતા, પરણીને ગૃહાસ્થાવાસ ચલાવવાની ચિંતા, સંતતિ ન થાય તો સંતતિ પામવાની ચિંતા, સંતતિ પામ્યા તો તેનું પોષણ કરવાની અનેક પ્રકારની ચિંતા, તેઓનો વિવાહ કરવાની ચિંતા, મ્હોટા થયે પરણાવવાની ચિંતા વિગેરે અનેક પ્રકારની ચિંતાઓજ પરિપૂરિત સંસાર છે એટલુંજ નહિ પણ તે ન્યાય દ્રવ્ય પ્રાપ્ત [illegible]વાને પોતાથી ગમે તેવા વિરૂદ્ધ વિચારના મનુષ્યોની

For Private And Personal Use Only

ગુલામગીરી અને ખુસામત કરી પ્રપંચોમાં ભાગ લેવો, દ્રવ્યને માટે જ્યાં ત્યાં વલખા મારવા, સગા સંબંધીના વ્યવહાર જાળવવા વિગેરે ઘણા પ્રકારની ચિંતામાં બળ્યા કરવું; એક ચિંતા મટેકે બીજી તૈયારજ હોય છે. એમ ચિંતાની પરંપરાવાળા આ સંસારમાં શું સાર છે?

મોહનભાઈ—એમ નહિ. જો પોતે દ્રવ્યવંત હોય, ઘરમાં સારી સ્ત્રી હોય, પુત્ર પુત્રીના પરિવારે યુક્ત હોય, શરીરે નિરોગી હોય તો પછી ચિંતા શાની?

મણીભાઈ—અરે એમ સર્વ પ્રકારનું સુખ કોને દેખાય છે? દ્રવ્ય હોય તો તેને વધારવાની ચિંતા અને વધાર્યા પછી સાચવવાની ચિંતા હોય છે. સ્ત્રી ગમે તેવી હોય તો પણ તેના નાના પ્રકારના કલેશ, એક વસ્તુ હોય તો બીજી નવી વસ્તુ પ્રાપ્ત કરવાની આકાંક્ષા, પોતા કરતા બીજીને વધારે હોય તેની ઈર્ષા વિગેરે અનેક કારણોવડે પુરૂષને મુંઝાવે છે; એમ કરતા સારી અને ડાહી હોય તો સંતતિ ન હોવાનો કલેશ હોય છે. વળી બહુ પરિવારે યુક્ત હોય તો કોઈને મંદવાડ, કોઈનું મૃત્યું એમ નાના પ્રકારની વ્યાધિથી સંસાર ભરપુર છે.

મોતીભાઈ—એટલા માટેજ જ્ઞાનીઓએ સંસારને અસાર કહ્યો છે.

મોહનભાઈ—ત્યારે શું આ મનુષ્ય ભવ પ્રાપ્ત કરવામાં કાંઈ લાભ નથી.

મણીભાઇ—એમ હોય તો મનુષ્યાવતાર શ્રેષ્ટ શામાટે ગણાય? અને દેવતાઓ પણ તેની ઇચ્છા શામાટે કરે?

મોતીભાઇ—મનુષ્યાવતાર શ્રેષ્ટ છે એ પણ ખરૂં છે અને સંસાર અસાર છે એ પણ ખરૂં છે.

મોહનભાઇ—એ શી રીતે?

મોતીભાઇ—પ્રથમ તો પૂર્ણ પુન્ય કર્યા હોય ત્યારેજ મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે. વળી મોક્ષ સુખ પ્રાપ્ત કરવાને મનુષ્ય ભવનીજ જરૂર છે કારણ કે મનુષ્ય ભવ શિવાય મોક્ષ પ્રાપ્તિ નથી અને એટલા માટેજ જ્ઞાનીઓએ મનુષ્યભવ શ્રેષ્ટ કહ્યો છે. પણ તે સાથે મનુષ્યભવ પામીને આ સંસારિક સર્વે ક્રિયાઓ ઉપાધિરૂપ છે એમ સમજવું, સંસારને અસાર જાણી તેથી વિરક્ત રહેવું અને ગમે ત્યારે પણ એક વખત મૃત્યુને આધિન થવું પડશે એમ જાણી પાપ કર્મથી દુર રહેવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણીભાઇ—પરંતુ એમ સંસારથી વિરક્ત થઇ દિક્ષા અંગીકાર કરવાની શક્તિ ન હોય તો ?

મોતીભાઇ—એ વાત જુદી છે. કદાચ દિક્ષા અંગીકાર કરવાની શક્તિ ન હોય તો પણ બીજી અનેક પ્રકારની ધર્મ ક્રિયાઓથી પુન્ય પ્રાપ્તિ થાય છે. શુભ અને અશુભ બંને પ્રકારના કર્મ ભોગવવાને મનુષ્ય ભવ એક સાધન છે. સમગ્ર પ્રકારનું સુખ મળવું એનો પૂર્વ કર્મના આધાર ઉપર છે. હાલનો દૂષમકાળ છે એટલે કદાચ તેવા પૂન્યવાળા પ્રાણિઓ જોવામાં ન આવે પણ સંસારને વિષે સુખી કહેવાય એવા પ્રાણિઓ ઘણા હોય છે. વળી જ્યાં સુખ ત્યાં દુઃખ અને દુઃખ ત્યાં સુખ રહેલુંજ છે. સર્વ પ્રકારના કર્મથી મુક્ત હોય તો મોક્ષનેજ પામે માટે સંસારની એવી ઉપાધિઓ જોઈ મનુષ્યભવથી લાભ નથી એમ વિચારવાનું નથી પરંતુ સંસારને અસાર જાણી પાપકારી કાર્યોમાં ભાગ ન લેવો; અને મનુષ્યભવ પૂર્ણ ભાગ્યોદયેજ પમાય છે એમ વિચારી પુનર્જન્મ ન લેવો પડે અને પરંપરાએ મોક્ષ મેળવવાને લાયક થઈએ તેવા ધાર્મિક કાર્યો કરી મનુષ્ય ભવની સાર્થકતા કરવી.

મણીભાઈ—ત્યારે તો મોહનભાઈનો પ્રથમનોજ પ્રશ્ન આગળ આવ્યો કે આ અસાર સંસારમાં શું ક્રિયાઓ કરવાથી અને કેમ વર્તવાથી મનુષ્ય ભવની સાર્થકતા થાય ? આ પ્રશ્નનો ઊત્તર કહો.

મોતીભાઇ—અષ્ટાદશ દૂષણોએ રહિત, દ્વાદશ ગુણેસંયુક્ત, નરેંદ્ર અને સુરેંદ્રના સમુહે પૂજિત, અને જેઓ કેવળજ્ઞાન અને કેવળ દર્શનની સંપદા પામી મોક્ષ સુખને પામ્યા છે તેવા તીર્થંકર મહારાજને દેવ તરીકે માની તેમની વિવિદ્ધ પ્રકારે પૂજા અર્ચા અને ભક્તિ કરવાથી—જેઓએ સંસારને અસાર જાણી પંચ મહાવ્રત અંગીકાર કર્યાં હોય, જેઓના વચન સ્ખલના પામે તેવા ન હોય, તેવા ગુરૂ મહારાજાના વચન ઊપર શ્રદ્ધા રાખવાથી—તીર્થંકર ભગવંતે પ્રરૂપેલ માર્ગ અને સિદ્ધાંત ઊપર પ્રીતિ ધારણ કરવાથી—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ ચતુર્વિધ સંઘની યથા શક્તિ ભક્તિ કરવાથી—હિંસા એ પાપનું મૂળ છે અને અહિંસાથી સર્વ પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે એમ જાણી હિંસાનો ત્યાગ કરવાથી—અસત્ય એ અવિશ્વાસનું મુળ છે, કુવાસનાનું ઘર છે અને વિપત્તિનું નિદાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જાણી સત્યવાદીપણું ધારણ કરવાથી–પરધન ગ્રહણ કરવું એ પર પ્રાણ લીધા બરાબરછે વળી તેનાથી રાજ્યદંડ વિગેરે અનેક પ્રકારની વિપત્તિ આવી પડે છે એમ જાણી ચોરી અથવા અદત્તાદાનથી દૂર રહેવાથી–લંપટપણું એ કૂળને કલંકિત કરનારૂં છે, કીર્ત્તિનો નાશ કરનારૂં છે, અને ગુણસમુહને દહન કરનારૂં છે, એમ જાણી સ્વસ્ત્રીને વિષેજ સંતોષ રાખી પરદારાથી પરાન્મુખ થવાથી–પરિગ્રહની મૂર્છાથી જડતા વૃદ્ધિ પામે છે, ધર્મ વૃક્ષનું ઉન્મૂલન થાય છે અને પાપમય કાર્યો કરવા પડે છે એમ જાણી પરિગ્રહનું પ્રમાણ કર્યાથી–ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે, માયાથી સ્ત્રીવેદ બંધાય છે, અને લોભ એ પાપનું મૂળ છે એ વાક્યો ધ્યાનમાં રાખી એ ચારેથી ભવાટવીમાં ભ્રમણ કરવું પડે છે એમ જાણી તે ચાર કષાયનું નિવર્ત્તન કરવાથી તપથી નિકાચિત કર્મના બંધનો ત્રુટી જાય છે એમ જાણી યથાશક્તિ તપ જપ કરવાને ઉદ્યુક્ત થવાથી–દ્રવ્ય પ્રાપ્ત થયું હોય તો તેને સુપાત્ર દાન, સ્વામીવત્સળ, ઉજમણા, પ્રતિષ્ટા, જ્ઞાનસંગ્રહ વિગેરે સુમાર્ગે વાપરવાથી–વિગરે તીર્થંકર મહારાજાએ પ્રરૂપેલ, પૂર્વાચાર્યોએ બતાવેલ અને સુગુરૂએ શ્રવણ કરાવેલ શુભકાર્યોમાં પોતાનો કાળ નિર્ગમન કરવાથી મનુષ્ય ભવની સાર્થકતા થાય છે. એટલુંજ નહિ પણ તેથી પુન્ય ઉપાર્જન કરી પરંપરાએ સુખના ભાજન થવાય છે.

# શ્રી નેમીનાથજિન સ્તુતિ.

## દીંડી.

પાય વંદુ નેમીનાથ શીશનામી, શીવાદેવી નંદ જગત વંદ્ય સ્વામી,
હરિવંશ ગગનચંદ ફંદ વામી. પાય૦ ૧
તજી નારી પ્યારી મુક્તિ સારી ધારી, ગયા રેવત ગીરીવરે વિચારી;
વર્યા શિવ વધુ ભવ્ય કૈક તારી. પાય૦ ૨
કરૂણાળુ એક આશરો તમારો, કરી કૃપા આ ભવોદધિ ઉતારો,
જૈનધર્મ પ્રસારક સભા તારો. પાય૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી ચોપડીઓની જાહેર ખબર.

અમારી ઓફીસમાં વેચાણ મળતી ( ) બુકોનું કીંમત સહીત લીસ્ટ છપાવીને બહાર પાડેલ છે અને ગ્રાહકોને વહેંચેલ છે. જોઇએ તેણે પત્ર લખીને મંગાવવું. તેમાં લખ્યા શિવાયની નવી બુકોની વીગત.

| | |
|---|---|
| ૧ અઢીદ્વિપના નકશા વિગેરેની હકીકત. (નકશાઓ યુક્ત.) | ૨—૦—૦ |
| ૨ શ્રી શત્રુંજયના નકશા (રંગીત કપડા સાથે) | ૧—૦—૦ |
| ૩ શ્રી આબુજીના નકશા (રંગીત કપડા સાથે) | ૦—૬—૦ |
| ૪ શ્રી જૈન કલ્પવૃક્ષ (રંગીત કપડા સાથે) ઋષભદેવજીથી પટ્ટાવળી) | ૧—૪—૦ |
| ૫ મુનીરાજ શ્રી આત્મારામજી કૃત પુજાઓ વિગેરેની | ૦—૪—૦ |
| ૬ રતીસાર કુમારનું ચરિત્ર (બહુજ રસીક) | ૦—૪—૦ |
| ૭ નવું જૈન પંચાંગ (સંવત ૧૯૪૬ ના ચૈતરથી ૧૯૪૭ ના ફાગણ સુધી) | ૦—૧—૦ |
| ૮ નવસ્મરણ મૂળ (શાસ્ત્રી અક્ષરની) | ૦—૪—૦ |
| ૯ ઢુંઢકમત સમીક્ષા. | ૦-૧૦—૦ |
| ૧૦ મિથ્યા પ્રચાર. | ૦—૨—૦ |
| ૧૧ પ્રાતઃસ્મરણ મંગળપાઠ. | ૦—૦—૬ |
| ૧૨ પુણ્યાઢય ચરિત્ર ભાષાંતર. | |
| ૧૩ સ્થવીરાવળી ચરિત્ર. પદ્યબંધ) પુઠાં બાંધેલ. | ૨—૨—૦ |
| ૧૪ સિદ્ધાંતચંદ્રીકા ઊત્તરાર્ધ મૂળ. | ૦—૮—૦ |
| ૧૫ શ્રી પાંચ પ્રતિક્રમણ સુત્ર સ્તવનો વિગેરે સહીત. | ૧—૪—૦ |
| ૧૬ શ્રી સિદ્ધાચળજી વર્ણન. | ૦—૬—૦ |
| ૧૭ સદુપદેશમાળા (નિતિ સંબંધી રસીક કથાઓ) | ૦-૧૨—૦ |

પોસ્ટેજ જુદું બેસશે.

## ખુશ ખબર.

અમૃતસરના રહેનાર, ઓસવાળ જ્ઞાતીના, ત્રીશ વર્ષની ઉમરના, ઢુંઢકમતિ કુશાળચંદે ઢુંઢકમતને અસત્ય જાણી તેનો ત્યાગ કરવા સાથે સંસારાવસ્થાનો પણ ત્યાગ કરીને સુસાધુનો વેષ અંગીકાર કરી દીક્ષા ગ્રહણ કરી છે. નામ કેવળ વિજયજી સ્થાપન કર્યું છે. દિવસાનું દિવસ ઢુંઢકમતની ક્ષીણતા થતી જાય છે. તેની આ પ્રત્યક્ષ નિશાની છે. જિન વચન વિરૂદ્ધ વર્તનાર મતની ક્ષીણતા થવી એ એક ખુશી ખબરજ છે.

ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लवाजमनी पहोच.

१—३ શા૦ પ્રેમચંદ નાનચંદ
१—३ શા૦ માણેકચંદ ભગવાન
१—३ શા૦ બાદરચંદ રૂપચંદ
१—३ સંઘવી. શેશકરણ કચરા
१—३ શા૦ કેવળ ખીમચંદ.
१—३ શા૦ હેમચંદ ભીમચંદ
१—३ શા૦ ફતેચંદ ચીકાચંદ
१—३ શા૦ મહોકમચંદ અમીચંદ
१—३ શા૦ રામચંદ દલછારામ
१—३ શા૦ લલુ બલાખીદાસ.
१—३ ગાંધી મોતીલાલ સુરચંદ
१—३ શા૦ કીશોરદાસ હાથીચંદ
१—३ શા૦ મોતીચંદ ખલાખીદાસ
१—३ શા૦ રામચંદ દલુચંદ
०—९ શા૦ માણેકચદ લખમીચંદ
१—३ શા૦ લાલચંદ ન્રતરા
०—४ શા૦ પાનાચંદ રળીયાત
१—३ શા૦ હરગોવન સાંકળચંદ
१—३ શ્રીતારાસના મહાજન.
१—३ શા૦ કરમચંદ વીરચંદ
१—३ પરી. બાલાભાઈ દલસુખરામ
२—६ કાઠીઆવાડ જનરલ લાઈબ્રેરી
१—३ શા૦ મોતી હીરાજી
१—३ શા૦ છવા વેલાજી
१—३ મેગાજી રૂપાજી
२—९ શા૦ મુળચંદ મગનલાલ
१—३ શા૦ વાળજી કુંવરજી
१—३ શા૦ મંગળદાસ શામળદાસ
१—३ શા૦ મુળચંદ અમરચંદ
१—३ શા૦ જીવણ શામજી
१—३ શા૦ ચુનીલાલ રતનચંદ
१—३ શેઠ. પીતાંબરદાસ લીલાચંદ

२—६ મેતા જીણા લાલજી
१—३ શા૦ ગોપાળજી માનજી
१—३ શા૦ ત્રીભુવનદાસ ગેલાભાઇ
०—९ શા૦ બાપુલાલ લખમીચંદ
०—१२ શા૦ અમરતલાલ કેવળદાસ
१—३ શા૦ તુળજારામ પાનાચંદ
१—३ શા૦ કાળીદાસ કેશરજી
२—६ શા૦ નીયાલ પાનાચંદ
३—९ શા૦ ખુબચંદ નંઆલચંદ
२—११ શેઠ. બેચર ઘેલા
०—९ શા૦ જેઠવજી ખીમજી
१—३ શા૦ વીધા ભીમાણી
१—३ શા૦ ધીરશી મદનજી
१—३ શા૦ સુપડુશા ધરમચંદ
१—४ શા૦ દીપચંદ પાનાચંદ
१—२ શા૦ બાઇરાજજી રૂપચંદ
२—६ શા૦ ફુલચંદ તારાચંદ
२—६ શા૦ હરજી રાજાજી
२—६ શા૦ લલુભાઇ ઊજમચંદ
३—९ શા૦ પાનાચંદ માણેકચંદ
२—३ શા૦ છગનલાલ [illegible]
१—३ શા૦ ચુનીલાલ [illegible]
१—३ શા૦ ચુનીલાલ બાલમુકંદદાસ
१—३ શા૦ વનમાળી [illegible]
३—० માસ્તર અમરચંદ વખતચંદ
२—६ શેઠ તકલચંદ માણેકચંદ
१—३ દોશી વ્રજલાલ દુર્લભજી
१—३ શા૦ મલુકચંદ તારાચંદ
१—३ વીરચંદ પ્રાગજી
१—३ હરજીવન ખીમચંદ
१—३ શા, નથુ નારશી
१—३ શા૦ હીરજી [illegible]

For Private And Personal Use Only